# જિલ્લા પંચાયતમાં ચૂંટાયેલી પાંખને વિવાદોથી દૂર રહેવાની તાકીદ

## કમલમ્ ખાતે પ્રભારી ઉપસ્થિતિમાં સંગઠન અને ચૂંટાયેલી પાંખ વચ્ચેની બેઠકમાં ગ્રામ સંપર્ક અભિયાન વેગીલું કરવા સલાહ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચેના બહાર આવેલા ખટરાગને પક્ષીય નેતૃત્વએ ગંભીરતાથી લીધા છે અને ખોટા વિવાદોથી દૂર રહી લોકસંપર્ક અભિયાન પર વધુ ને વધુ ધ્યાન આપો તેવી શિખામણ આપી છે.

ભાજપના સંગઠ્ઠન પાંખ અને ચૂંટાયેલી પાંખની આજે સે. ૨૧ના કમલમ્ કાર્યાલય ખાતે પ્રભારીઓની ઉપસ્થિતિમાં સંયુક્ત બેઠક મળી હતી. જેમાં આ મુદ્દે ખુબજ વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી તેમજ પક્ષે વહીવટીય પાંખ સાથે સંઘર્ષની વાતોને ગંભીરતાથી લઈ પક્ષના સભ્યોને બરાબર ઝાટક્યા હતા.

મળતી વિગતો મુજબ પક્ષ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં લોકસંપર્ક અભિયાન સઘન બનાવવા તેમજ ગ્રામીણ વિસ્તારના પ્રશ્નોની અસરકારક રજુઆત કરી તેના ઉકેલ માટેના પ્રયાસો કરવા પર ભાર મુક્યો હતો.

આજની આ બેઠકમાં નિયમિત ગ્રામીણ સ્તરે બેઠકો યોજાય અને તેમાં બધા જ વર્ગો અને કાર્યકરો સાથે સંવાદ યોજવામાં આવે તેવી પણ શિખામણ આપવામાં આવી હતી. વિકાસના કામો અંગે પણ યોગ્ય રીતે રજુઆતો થાય તે જોવા સભ્યોને ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી.

સત્તા એ લક્ષ્ય નહિ લેવાનું સાધન છે એ સભ્યોએ ભુલવુ જોઈએ નહિ. તેમણે પક્ષના આગામી કાર્યક્રમો જે છે તેમાં પણ ગ્રામીણ લોકોની સક્રિય ભાગીદારી રહે તે જોવા પર ભાર મુક્યો હતો.

વિવિધ કાર્યક્રમોમાં સભ્યોની ગેરહાજરી અંગે પણ સંગઠ્ઠને નારાજગી વ્યક્ત કરી હતી.

ચૂંટાયેલી પાંખના સભ્યોની એક બેઠક સાંજે અલગથી પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલની ઉપસ્થિતિમાં પણ મળી હતી અને તંત્ર સાથે સમન્વય સાધી સૌને આગળ વધવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હોવાનું જાણવા મળેલ છે.



મગર દેખાયો - ગાંધીનગરની સરહદ ઝાંઝરી પિકનીક પોઈન્ટ પર વહેતા ઝરણામાં ૪.૫ ફુટ લાંબો મગર દેખાયો હતો... પ્રકૃતિના રમણીય વાતાવરણ માણવા ઝાંઝરી અનેક પર્યટકો ઉમટે છે... આજે સાંજે વહેતા ઝરણામાં મગર દેખાતા આસપાસના ગ્રામવાસીઓ અને પર્યટકોમાં ભારે ઉત્સુકતા દેખાઈ હતી...

# જિલ્લામાં ૧૨ હજારથી વધુને વેક્સિનેશન થયું

## આજે બુધવારે મમતા દિવસની ઉજવણી સાથે સેકન્ડ ડોઝ વેક્સિનનું અભિયાન પણ યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં આજે વેક્સિનેશન અભિયાન અંતર્ગત ૧૨ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. દરમ્યાન રાજ્ય સરકારે આજે બુધવારના દિવસે પણ વેક્સિનના સેકન્ડ ડોઝ માટેનું વિશેષ અભિયાન મમતા દિવસની ઉજવણીનો હિસ્સો બનાવી કરવા માટેની સૂચનાઓ આપી છે.

જિલ્લામાં ૯૦ થી વધુ ગામોમાં વેક્સિનના પ્રથમ ડોઝની કાર્યવાહી પૂર્ણ થઈ ગઈ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૫૪૧ લોકોને વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા જયારે શહેરમાં ૨૪૯૬ લોકોને આ અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૫,૬૮,૮૩૧ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે જ્યારે ૧,૪૭,૧૮૩ લોકોને બન્ને ડોઝ આપવામાં આવ્યા છે.

શહેરમાં અત્યાર સુધીમાં ૪,૧૪,૭૮૨ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૩,૧૫,૮૫૭ લોકોને પ્રથમ ડોઝ અને ૯૮,૯૨૫ લોકોને બન્ને ડોઝ આપવામાં આવ્યા છે.

સેકન્ડ ડોઝ માટે રાજ્ય સરકારે બે રવિવારે વિશેષ અભિયાન કર્યા હતા. હવે મમતા દિવસની ઉજવણીનો હિસ્સો સેકન્ડ ડોઝ અભિયાન માટે કરવાની સૂચનાઓ આપી છે.

રાજ્યમાં વેક્સિનશનના પ્રથમ ડોઝની કામગીરી વેગીલી બની છે પણ સેકન્ડ ડોઝની સમય-મર્યાદાને લઈ જે ગેપ ઉભો થયો છે તેને પહોંચવા માટે હવે ખાસ અભિયાનોનું આયોજન કરવા જણાવાયુ છે.

# સર્કલોની જાળવણીમાં નિરસતા દાખવતી સંસ્થાઓને નોટીસ અપાશે

## વાઇબ્રન્ટની ઉજવણી ટાણે જ સર્કલોની જાળવણી થાય છે : સમય જતાં કંગાળ બનતાં સર્કલો રખડતાં ઢોર અને ગંદકીનો અડ્ડો બનતાં જાય છે

ગાંધીનગર તા ૧૦

નગરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો શહેરની આગવી ઓળખ બન્યા છે. સર્કલોને નવા નામ અપાયા બાદ વિવિધ થીમ આધારિત સર્કલોને ડેવલપ કરાયા છે. સર્કલ વિકાસની કામગીરી અને જાળવણીનુ કામ તંત્ર દ્વારા વિવિધ સંસ્થાઓને સોંપવામાં આવ્યુ છે ત્યારે વાઈબ્રન્ટ સમિટની ઉજવણીના અભાવે આ વખતે સર્કલોની જાળવણીનુ કામ પણ વિસરાયુ છે ત્યારે સર્કલોની નિભાવણી માટે બેદરકાર સંસ્થાઓને તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવશે.

સર્કલોની નગરી તરીકે ઓળખાતા ગાંધીનગરના સર્કલો છેલ્લા ઘણાં સમયથી કંગાળ ભાસી રહ્યા છે. આકર્ષણ ગુમાવતા સર્કલોને વિકાસવવા તેમજ નિખારવાની કામગીરી વિવિધ સંસ્થાઓને સોંપવામાં આવી છે. સામાન્ય રીતે દર વખતે વાઈબ્રન્ટ સમિટ વેળાએ શહેરમાં માર્ગો અને ફુટપાથની સાથે સર્કલોની સુંદરતા નિખારવા માટે પણ વિશેષ કામગીરી હાથ ધરવામાં આવે છે. વિવિધ થીમ આધારિત વિકસિત કરાયેલા સર્કલોને નવા નામ પણ આપવામાં આવ્યા છે. પરંતુ નવા નામ અને થીમ આધારિત સર્કલોને વિકસાવાની યોજના બાદ પણ હાલની સ્થિતિએ સર્કલોની હાલત દિનપ્રતિદિન બદતર બનતી જાય છે. એકબાજુ જવાબદાર સંસ્થાઓ સર્કલોની જાળવણીના મામલે બિન્દાસ્ત બનતા માર્ગ વચાળે સ્થિત સર્કલોમાં ગંદકી અને રખડતા ઢોર જોવા મળે છે. એટલુ જ નહીં સર્કલો ફરતેની બાઉન્ડ્રી પણ તુટેલી હાલતમાં જોવા મળી રહી છે. આ સ્થિતિ વચ્ચે લાંબા સમયથી સર્કલોની મરામત કે સુંદરતા નિખરે તે માટે જવાબદાર સંસ્થાઓ દ્વારા પણ કોઈ કામગીરી હાથ ધરાઈ નથી. એમાં પણ વાઈબ્રન્ટ સમિટની ઉજવણી ન થતા દર બે વર્ષે સર્કલો તરફ મીટ માંડતા તંત્રને પણ હવે સર્કલોની જાળવણીમાં રસ રહ્યો નથી. સર્કલોની જાળવણી સંદર્ભે પણ નિરસતા સેવાઈ રહી છે. નિયત સમયના અંતે તંત્ર દ્વારા સર્કલોની જાળવણી માટેનો કોન્ટ્રાકટ સંબંધિત સંસ્થાઓને રીન્યુ કરી દેવામાં આવે છે. ત્યારે હવે સર્કલની જાળવણીમાં બેદરકાર રહેલી વિવિધ સંસ્થાઓને તંત્ર દ્વારા ટુંકમાં નોટીસ પણ આપવામાં આવશે. શહેરમાં અંદાજિત ૨૬ જેટલા સર્કલોને વિવિધ થીમ આધારિત ડેવલપ કરાયા છે.

# વનતંત્ર ૫ હજાર ક્વિન્ટલ લાકડાની ટુંકમાં હરાજી કરશે

## વિકાસના નામે હરિયાળીનો સોથ વળી રહ્યો છે ત્યારે વાવાઝોડા અને વરસાદના સંજોગોમાં પણ સેંકડો વૃક્ષો ધરાશાયી થાય છે : અગાઉ ૩ હજાર ક્વિન્ટલ લાકડા સ્મશાનને આપ્યા હતા જયારે હવે લાકડાની હરાજી કરાશે

ગાંધીનગર તા ૧૦

હરિયાળા ગાંધીનગરમાં મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ વૃક્ષોની વનરાજી જોવા મળે છે. પરંતુ છેલ્લા દોઢ દાયકામાં વિકાસના અનેકવિધ કામો વચ્ચે નગરમાંથી અનેક હરિયાળા વૃક્ષોની કટોતી પણ થઈ છે. આ ઉપરાંત વનતંત્ર દ્વારા ઉભા સુકા જોખમી વૃક્ષો પણ દુર કર્યા છે. અગાઉ તાઉ તે વાવાઝોડા દરમિયન પણ શહેરમાં અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થયા હતા જેના અંતે વનતંત્રને લાકડાની ઉપજ થઈ હતી. હાલની સ્થિતિએ વનતંત્રના ડેપોમાં ૫ હજાર ક્વિન્ટલ લાકડાનો જથ્થો ઉપલબ્ધ છે. આગામી દિવસોમાં આ લાકડાની હરાજી કરવામાં આવશે.

શહેરમાં વિકાસ કામોના નામે અનેક ઠેકાણે વૃક્ષોની કટોતી થાય છે. હરિયાળા વૃક્ષોનુ છેદન થાય છે. બીજીતરફ વનતંત્ર દ્વારા પણ સમયાંતરે ભયજનક વૃક્ષો દુર કરવા પડે છે. શહેરમાં તાઉતે વાવાઝોડા દરમિયાન પણ અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થયા હતા. વનતંત્રના ડેપોમાં હાલ ૫ હજાર ક્વિન્ટલ લાકડા ઉપલબ્ધ છે. આગામી દિવસોમાં આ લાકડાની હરાજી કરવામાં આવશે. અગાઉ પણ વનતંત્ર દ્વારા લાકડાની હરાજી કરવામાં આવી હતી. જયારે કોરોના કાળ દરમિયાન બીજીલહેરના અંતે સ્મશાન ગૃહમાં લાકડાની જરૂરિયાત વધતા વનતંત્રએ ૩ હજાર ક્વિન્ટલ લાકડા પુરા પાડયા હતા. શહેરમાં માર્ગ વાઈડનીંગ સહીત અનેક નવા બિલ્ડીંગો બાંધવા સહીતના વિકાસ કામો હાથ ધરવામાં આવે છે. સેકટરોમાં અનેક ઠેકાણે અત્યાર સુધી ઘણાં વૃક્ષોનુ નિકંદન વળ્યુ છે. જયારે વરસાદી દિવસોમાં તેમજ વાવઝોડાના સંજોગોમાં પણ સેંકડો વૃક્ષો ધરાશાયી થયા હતા. થોડા સમય અગાઉ તાઉ..તે વાવાઝોડા દરમિયાન પણ શહેરમાં અનેક વૃક્ષો ધરાશાયી થયા હતા. બીજીતરફ સેકટરોમાં મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ પણ નમી પડેલા ભયજનક વૃક્ષોની સંખ્યા વિશેષ છે. ત્યારે વનતંત્ર દ્વારા સમયાંતરે આ પ્રકારના ઉભા સુકા વૃક્ષોની કટોતી કરવામાં આવે છે. સેકટરોના રહેણાંક વિસ્તારમાં પણ રહીશો દ્વારા જોખમી વૃક્ષો દુર કરવા માટે વનતંત્રને અરજી કરવામાં આવતી હોય છે. આ બધા વૃક્ષોના નિકાલના અંતે વનતંત્રને લાકડાની ઉપજ થાય છે. જેના અંતે હાલની સ્થિતિએ વનતંત્ર પાસે અંદાજિત ૫ હજાર ક્વિન્ટલ લાકડા છે. હાલ આ લાકડાનો જથ્થો તંત્રના ડેપોમાં છે. આગામી દિવસોમાં વનવિભાગ દ્વારા દરવખતની જેમ આ લાકડાની હરાજી કરીને આવક ઉભી કરવામાં આવશે.

# રક્ષિત થઈ મોટા થયેલા વૃક્ષોના ટ્રી ગાર્ડ કલેક્ટ કરી રિસાયકલ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરપાલિકા હવે ૨ હજારથી પણ વધુ ટ્રી ગાર્ડનું રિસાયકલીંગ કરી અને તેને પુનઃ ઉપયોગમાં લેશે.

ગાંધીનગર મનપા વિસ્તારમાં વધુ ને વધુ વૃક્ષો વાવી અને તેનુ જતન થાય તે હેતુથી જે વૃક્ષો હવે સુરક્ષિત થઈ ગયા છે અને ટ્રી ગાર્ડ ત્યાં ઉપલબ્ધ હશે તો તે પાછા લેવામાં આવશે.

આ પછી આ ટ્રી ગાર્ડને રિસાયકલ કરી વસાહતીઓને વૃક્ષ વાવેતરના પ્રોત્સાહન માટે આપવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મનપાના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ગુડા વિસ્તારનો જે વિસ્તાર મનપામાં ભેળવવામાં આવ્યો છે ત્યાંથી પણ ટ્રી ગાર્ડ કલેક્ટ કરી અને તેનું રિસાયકલીંગ કરવામાં આવશે.

શહેરમાં એક તબક્કે ટ્રી ગાર્ડની ખરીદી અને તેના વિતરણનો મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બની ઉભર્યા હતા પણ હવે તંત્રએ તે જુના અને રક્ષિત થયેલા વૃક્ષોના ટ્રી ગાર્ડ કલેક્ટ કરી રિસાયકલ કરી પુનઃ ઉપયોગમાં લેવાનો નિર્ણય કર્યો છે. મળતી વિગતો મુજબ સ્વચ્છતા સર્વેક્ષણમાં રિસાયકલ સંપદાનો ઉપયોગ કેટલા પ્રમાણમાં થયો તેના પણ માર્કસ હોય છે એટલે મનપાને ટ્રી ગાર્ડ રિસાયકલ કરી ઉપયોગમાં લેવાનો નિર્ણય માર્કિંગમાં ફાયદો કરાવશે. ગાંધીનગર શહેરમાં વધુ ને વધુ વૃક્ષોનું વાવેતર કરવા માટેનું પણ અભિયાન મનપા દ્વારા યોજવામાં આવશે તેમ જાણવા મળેલ છે.



વહેલી સવારે ચાલવા જવુ કે સાઈકલીંગ કરવુ સ્વાસ્થ્ય માટે ખુબ જ ફાયદાકારક છે. વહેલી સવારે મળતો ઓક્સિજન ફેફસાને મજબૂત બનાવે છે. લાંબાગાળા માટે આ પ્રવૃત્તિ ખૂબ જ લાભદાયક બને છે. ગાંધીનગરનું વાતાવરણ પ્રદૂષણમુક્ત છે. આ વાતાવરણ શહેરને વધુ જીવંત અને સ્વાસ્થ્યપ્રદ બનાવે છે. વહેલી સવારે ગાંધીનગરમાં ચાલવા નીકળનારા અને સાઈકલીંગ કરવા નીકળનારાઓની સંખ્યા વધુ જોવા મળી રહી છે.

# જો હું બપોરે નોકરીએ ગયો હોત તો જીવતો જ ન હોત

## મોરબી મચ્છુ ડેમ હોનારતની ૪૩મી વર્ષીએ આંખોદેખી હકીકત રજુ કરતા નિવૃત્ત અધિકારી

ગાંધીનગર તા.૧૦

ગુજરાતના મોરબી ખાતે તા.૧૧મી ઓગસ્ટ ૧૯૭૯નો દિવસ કાળજુ કંપાવનારી હોનારત લઈને આવ્યો હતો. મચ્છુ ડેમ તૂટવાની આ કરૂણ ઘટનાને આજે ૪૨વર્ષ પૂરા થયા એ પ્રસંગે જેમણે આ ઘટના પોતાની સગી આંખે નિહાળી હતી તેવા ગાંધીનગરમાં રહેતા નિવૃત્ત અધિકારી હરીશ રાવલે તેમના સંસ્મરણો વાગોળતા જણાવ્યું હતું કે તે સમયે તેઓ ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા અને તે દિવસે તેઓ બપોરે જમવા માટે ઘરે આવ્યા હતા પરંતુ જો જમ્યા પછી ફરી નોકરીએ ગયા હોત તો આજે જીવતા ન હોત.

કુડાસણ ખાતે રહેતા હરીશ રાવલ જેમના માનસપટ પર ૪૨વર્ષ પછી પણ જે ઘટના સાબુત છે તે મચ્છુ ડેમ હોનારતની કાળજુ કંપાવનારી આંખો દેખી હકીકત તેમણે ભારે હૈયે વર્ણવતાં કહ્યું હતું કે ×હું ક્લીન પ્રોડક્ટ્સ લિમિટેડ કંપનીમાં કામ કરતો હતો અને તે દિવસે ખૂબ જ વરસાદ વરસ્યો હતો, બપોરે ઘરે જમવા માટે આવ્યો હતો અને મારે ફરી ત્રણ વાગ્યે નોકરીએ જવાનું હતું પરંતુ અચાનક કોઈ અવાજ આવતા હું ઘરની બહાર નીકળ્યો ત્યારે રસ્તા પર ચારેકોર પાણી જ પાણી હતું, મેં નોકરીએ જવાનું માંડી વાળ્યું અને થોડા સમયમાં તો પાણીનું સ્તર અચાનક જ ખૂબ વધવા લાગ્યું જે વધતું વધતું અમારા ઘરમાં ઘૂસી ગયું અને જોતજોતામાં તો આખો ગ્રાઉન્ડ ફ્લોર પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. મારે જે રસ્તે નોકરીએ જવાનું હતું તે જૂના બસ સ્ટેન્ડ વિસ્તારમાં ૨૫ ફૂટથી વધુ પાણી ભરાયું હતું એટલે જો હું નોકરીએ ગયો હોત તો બચી ના શક્યો હોત. સાંજે સાત વાગ્યા પછી પાણી ઓસરવા લાગ્યા પરંતુ સમગ્ર વિસ્તારમાં સ્મશાન જેવો ભેંકાર છવાયો હતો. આખી રાત ઉપરના માળે ધડકતા હૃદયે જાગીને વિતાવી હતી. સવારે જોયું તો ઘરનો સમગ્ર સામાન વેરવિખેર હતો. ઘરના ઉપરના મજલા સુધી પાણી આવ્યાની નિશાની દેખાતી હતી. બહાર નીકળીને જોયું તો સ્મશાન જેવી સ્થિતિ જોવા મળતી હતી. ચારેતરફ રોકકળ સંભળાતી હતી. રસ્તાઓ પર ગોઠણ સુધીનો કાદવ કિચ્ચડ છવાયેલો હતો. લાઈટો બંધ થઈ ગઈ હતી અને બે દિવસ સુધી કોઈ મદદ મળી નહોતી. ત્રીજા દિવસે રાજકોટથી આરએસએસના સ્વયંસેવકો આવ્યાં જેમણે મોરબીના સ્મશાનમાં મૃતકોના અગ્નિસંસ્કારની જવાબદારી ઉપાડી હતી. ખુબ જ ભયાનક દ્રશ્યો નજર સામે જોયાં હતાં જે યાદ કરતાં આજે પણ કાળજું કંપી જાય છે, થોડા દિવસ બાદ ગામેગામથી રાહત સામગ્રી આપવા લાગી હતી અને ધીમે ધીમે પરિસ્થિતિ થાળે પડી હતી.

# રાજભવન અને મુખ્યમંત્રી નિવાસસ્થાને ફળઝાડનું વાવેતર



ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે સ્વાસ્થ્ય રક્ષા અને પોષણ માટે ફળ અને શાકભાજીના મહત્વને જાણીને લોકો વધુને વધુ તેનો ઉપયોગ કરતા થાય તે માટે લોકજાગૃતિ કેળવવા રાજભવન ખાતેથી ફળઝાડ સહિત બાગાયતી વૃક્ષોના વાવેતર અભિયાનનો મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં શુભારંભ કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ રાજભવન ખાતે મુખ્યમંત્રી તેમજ કૃષિમંત્રી આર.સી. ફળદુ અને વનમંત્રી ગણપતભાઈ વસાવાની ઉપસ્થિતિમાં વીટામીન-સી થી ભરપુર અને રોગપ્રતિકારક શક્તિ વધારનારા આમળાના વૃક્ષનું વાવેતર કર્યુ હતું. જ્યારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કેસર આંબાનું વાવેતર કર્યુ હતું. ત્યારબાદ રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીએ સંયુકત રીતે મુખ્યમંત્રી નિવાસ સ્થાને જઈને ફળઝાડનું વાવેતર કર્યુ હતું.

આ પ્રસંગે લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવી અને મુખ્યમંત્રીના ધર્મપત્ની શ્રીમતી અંજલીબેન પણ ઉપસ્થિત રહ્યા હતા અને ફળઝાડનું વાવેતર કર્યુ હતું.

રાજ્યપાલશ્રી સ્વયં પગે ચાલીને નાયબ મુખ્યમંત્રી, મંત્રીઓના નિવાસસ્થાને ગયા હતા અને દરેક મંત્રીની સાથે મંત્રી નિવાસસ્થાને વિવિધ પ્રકારનાં ફળઝાડનું વાવેતર કર્યુ હતું. તેમણે ફળઝાડ અને શાકભાજી સહિત બાગાયતી વૃક્ષોના વાવેતર પ્રત્યે લોક જાગૃતિ કેળવવા મંત્રીઓને અનુરોધ પણ કર્યો હતો.

# જિલ્લાકક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ દહેગામ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાનો સ્વાતંત્ર્ય પર્વ દહેગામ ખાતે યોજાશે અનો ગાંધીનગર મહાનગરપાલિકામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી મનપાના પ્રાંગણમાં કરવામાં આવશે.

જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં સમાજિક ન્યાય અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે. જ્યારે મનપામાં કમિશનર ડૉ. ધવલ પટેલના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે.

જિલ્લાકક્ષાના કાર્યક્રમ અંગે તંત્ર દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

જિલ્લા પંચાયત ખાતે પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલના હસ્તો ધ્વજવંદન યોજાશે.

# મંત્રી નિવાસના વિસ્તારમાં રંગબેરંગી ફુલો નિખરશે : નવા રોપાઓની વાવણી કરાશે

## રાજભવનનો મંત્રી વિસ્તાર લાલ, કેસરી અને સફેદ રંગના ફુલોથી નિખરી ઉઠશે

ગાંધીનગર તા ૧૦

વનવિભાગ દ્વારા વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે જે અન્વયે શહેરમાં અંદાજિત ૧૭ હેકટરમાં વિવિધ પ્રકારના રોપાઓની વાવણીનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. બીજીતરફ રાજભવનના મંત્રી વિસ્તારમાં રંગબેરંગી ફુલો નિખરે તે માટે વનતંત્ર દ્વારા વિવિધ પ્રકારના રોપાઓની વાવણી કરાશે જેના અંતે લાલ, કેસરી અને સફેદ રંગના ફુલોથી આ વિસ્તારની શોભા વધશે.

વરસાદી દિવસો દરમિયાન વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com